# ખતુડોશી

--સ્વ. દીલીપ રાણપુરા

મજાદરની શાળામાં હું બરાબર ગોઠવાઈ ગયો હતો. મારા આચાર્ય શ્રી મહમંદભાઈ પાલનપુરના વતની હતા. તેઓ છાપીમાં રહેતા હતા. રોજ આવ-જા કરે. મજાદરમાં થોડો સમય એકલુંએકલું લાગેલું.

એકલોએકલો ઘણું બધું યાદ કર્યા કરતો. વાગોળ્યા કરતો ને શાળાની એક દીવાલ, જે રસ્તા પર પડતી તેની બારીમાંથી રસ્તો જોયા કરતો. રસ્તાને સામે છેડે એક કાચું મકાન હતું. એ મકાનના ઓટે સાઠેક વર્ષનાં માજી બેસી રહેતાં. હું એ માજીને શાળા ઉઘડવાની અને બંધ થવાની નીયમીતતાથી મકાનના ઓટે બેઠેલાં જોતો. કયારેક કોઈની સાથે વાતે વળગે, કયારેક હસે, કયારેક છીંકણી સુંઘ્યા કરે. ને વધારે વખત તો હું જે બારી પાસે ખુરશી નાખીને બેસતો એ બારી સામે જોયા કરે.

ધીમેધીમે મને એ માજીમાં રસ પડવા લાગ્યો. એ શું કરતાં હશે? આખો દીવસ ઓટે બેસી રહેતાં એમને કંટાળો નહીં આવતો હોય? એમના ઘરમાં બીજુ કોઈ કેમ દેખાતું નથી? આવા ઘણા સવાલો મારા મનમાં ઉઠતા. પણ એ વખતે મારો સ્વભાવ જરા અતડો મીતભાષી પણ હશે, કદાચ પરીચય કેળવવાની આપણી અનીચ્છા પણ હોય. ગમે તેમ, હું એ માજી વીશે મારા મનમાં ઉઠતા કેટલાય પ્રશ્નોને મનમાં જ દબાવી રાખતો.

એક દીવસ મેં જોયું, માજી ઉભા થયાં. સામાન્ય રીતે માજી આ સમયે કયારેય ઉભાં થતાં નહોતાં. મને થયું, હવે એ ઘરમાં જશે. બીચારાં રોજ આમ બેસીબેસીને કંટાળી ગયાં હશે. ઘરમાં જઈને ઝોળી જેવા ખાટલામાં, ફાટેલા ગોદડાને સરખું કરીને સુઈ જશે. પણ ના રસ્તા પર આવ્યાં. વળી થયું : તેલ-મરચું ખુટી ગયાં હશે ને અચાનક લેવા જવાનું યાદ આવ્યું હશે. પણ મારી એય ધારણા ખોટી પડી. એ તો રસ્તો પાર કરીને શાળાની દીવાલ તરફ, બારી તરફ આવી રહ્યાં હતાં. મને નવાઈ લાગી. બારી પાસે આવીને ઉભાં રહ્યાં. કશું બોલ્યાં નહીં. મોં પર કોઈ ભાવ હતો કે નહીં, હતો તો કયો ભાવ હતો, તે આજે યાદ નથી. પણ આંખોમાં લાગણીની ભીનાશ હતી. આજે પણ એ લાગણીની ભીનાશને હું અનુભવી શકું છું.

આખરે મેં માજીને પુછ્યું : 'કોઈનું કામ છે, માજી ?'

'ના રે ભીયા...'

'તો ?' હું આગળ ન બોલી શકયો.

'તમે એકલા રો' છો આંય ?'

'હાસ્તો.'

'રાંધતાં આવડે છે ?'

'હા'

'ગામમાં નથી નેંહરતા ?'

'કામ વગર શું નીકળું ?' માજીના આ પ્રશ્નોએ મને ઘણી અટકળો કરતો કરી મુકયો.

માજી વળી થોડી વાર જોઈ રહ્યાં. મેં જોયું, એમનો એક હાથ બારીના સળીયા પકડી રહ્યો હતો અને એ હાથમાં કંપ હતો. માજીનું આખું શરીર જાણે કશાક કંપથી ધ્રુજી રહ્યું હોય એવું પણ મને લાગ્યું. મને થયું : માજી બીમાર પડયાં હશે. વૃદ્ધ, અશકત અને આજાર શરીર હમણાં તુટી પડશે. પણ માજી થોડીવારે બોલ્યાં : 'ભીયા, હું તો તમને રોજ ટગરટગર જોઈ રહું છું. ટહુકો પાડવાનું મન થાય; પણ તમને ન ગમે તો...પણ આજ રયું ગયું નહીં...'

'ભલે...સારું કર્યું ' મેં સહાનુભુતીથી કહ્યું.

'રજા પડે તંઈ ચા પીવા આવજોને.'

'હું ચા નથી પીતો.'

'તો દુધ કે ઉકાળો કરી આલીશ.'

'પણ મને એવી કોઈ ટેવ જ નથી.'

'તો વરીયાળીનું મીઠું-ટાઢું હીમ જેવું શરબત પીવડાવીશ, ભીયા.'

'પણ માજી...' હું આગળ બોલું એ પહેલાં એમના ચહેરા સામે મારી દષ્ટી પડી. માજીને મારી આનાકાનીથી દુઃખ થતું હતું તે હું સમજી શકયો. એમને થયું હશે : આ હીન્દુ ને હું મુસલમાન...બીચારો અભડાઈ જાય તો ! પણ આ તો કે'છે, ગાંધીવાળો છે, આભડછેટ એને ન નડે. એટલે કહેવા આવી. અમથીય તે આને જોઈને લાગણી થઈ આવે છે. આવો કોઈક ભાવ એમના મનમાં હશે એમ હું માનું છું.

'ભલે' કહીને તેઓ પાછાં ફરી ગયાં. પણ મેં એમના પગ ડગમગતા જોયા. આવતી વખતે જે ઉત્સાહ હતો તેની જગ્યાએ હતાશા જોઈ. હું એમનો ચહેરો નહોતો જોઈ શકતો. પણ એમની પીઠ જાણે એમના ચહેરાની જ નહીં, અંતરની બધી વ્યથાને જોરદાર રીતે વ્યકત કરી રહી છે, એવું મને લાગેલું.

પાછાં ફરીને તેઓ ઓટે ન બેઠાં. સીધાં ઘરમાં ગયાં ને બારણુંય બંધ કરી દીધું.

એ બારણું બંધ થયા પછી મેં કેવી લાગણી અનુભવી હતી, કેટકેટલા અજંપાના વંટોળ મારા નાનકડા મગજમાં ઉમટયા હતા એ હું વર્ણવી શકું તેમ નથી. પણ એમ તો થયું, આ ખોટું થયું છે. રીસેસ પડતાં જ હું ગયો. બારણું ખટખટાવ્યું. માજીએ બારણું ઉઘાડયું. મને જોઈને ગળે લગાડવા લાંબા થયેલા એમના હાથ કોણ જાણે કેમ પાછા પડી ગયા, પણ એમનું અંતર તો મને વીંટળાઈ વળ્યું હતું.

હું બેઠો. એ ટગરટગર જોયાં જ કરે. મેં પુછયું : 'શું જુઓ છો,માજી ?'

'મારે તમારા જેવડો રહેમાન હતો'

'કયાં ગયો ?'

'અલ્લાહ મીયાંને પ્યારો થઈ ગયો.' માજીની આંખો સજળ બની ગઈ. હું મૌન રહ્યો.

'અસલ તમારા જેવો. દુબળો, પાતળો, લાંબું મોં, પણ વાન જરા શામળો...એય માસ્તર હતો.'

મારે માજીની આ વેદનામાં કેવી રીતે સહભાગી થવું તે સમજાતું નહોતું. શું બોલું તો એમને આશ્વાસન મળે એનું મને જ્ઞાન નહોતું ને છતાંય એમને એમ ન થાય કે પોતાની આ વેદનાવાણી એક પથ્થર સાથે અફળાઈ રહી છે. એટલે મેં પુછયું : 'કયાં હતો માસ્તર ?'

'દાંતા...' માજી થોડીવાર મૌન રહ્યાં ને પછી આગળ બોલ્યાં : 'શાદી કરી'તી એની. દાંતામાં એક રાતે ભાઈબંદુ હારે સીમમાં રખડવા ગયેલો ને કયાંકથી સાપ કરડ્યો. ન ઉતર્યો. સવાર પડતાંપડતાં તો મરી ગયો. એક જ દીકરો હતો, ભીયા...'

માજીની સજળ આંખો સામે મેં જોયું. ધીમેધીમે તેમાંથી આંસુઓનો સાગર છલકાવા લાગ્યો. આશ્વાસન દેવાની ઔપચારીકતા પણ મારામાં નહોતી. આવા માઠા પ્રસંગે આશ્વાસન દેવા જતી વખતે ખુબ મુંઝવણ અનુભવું છું. શબ્દોથી નહીં; પણ લાગણીથી હું એમના દુઃખમાં સહભાગી બની ગયો છું એવી અનુભુતી મને થઈ રહી હતી.

'એની વહુ પણ ચાર મહીને એના બાપને ત્યાં જતી રહી ને બીજે શાદી પણ કરી લીધી.'

હું મૌન હતો.

'તમે આવ્યા, તમને જોયા ને મને થયું : દીકરો મળી ગયો. ભલે હીન્દુ હોય, ભલે પરદેશી હોય; પણ ખતુડોશી, આ તારા રહેમાન જેવો જ છે ! એમ મારો ખુદા મને કે'તો હતો. ને મેં તમને બોલાવ્યા.'

'સારું કર્યું,' હું એટલું જ બોલી શકયો.

પણ ત્યાર પછી હું બારીમાંથી બહાર જોતો ત્યારે ખતુડોશીના ચહેરા પર પ્રસન્નતા છલકાતી હોવાનો મને ભાસ થયા કરતો. ને હું પણ રીસેસમાં દસેક મીનીટ એને મળવા જતો. વાતો કરતો. વાતવાતમાંથી જાણી શકયો કે એને એક દીકરી પણ છે. દીકરી સાસરે સુખી છે. ડોશીનું ગુજરાન થોડી મુડીમાંથી, થોડાં ઘરેણાં-ગાંઠાં વેચાઈને, થોડી સગાંસંબંધીઓની અને દીકરીની મદદથી ચાલે છે.

એક દીવસ ખતુડોશી મને કહે : 'ભીયા, કાલે મારે ત્યાં જમવાનું રાખોને ! '

મને આંચકો લાગ્યો. આ ગરીબ ડોશીને ના પાડવી, તેની લાગણીને ઠુકરાવવા જેવું થશે, ને હા પાડવાથી તેમને નાહક ખર્ચ થશે. મેં કહ્યું : 'માજી, નાહક તકલીફ નહીં આપું.'

'તકલીફ નહીં પડે, ભીયા ! મને હોંશ છે. મને આનંદ આવશે. મારો જીવ રાજી થશે.' ખતુડોશી એવી રીતે બોલ્યાં કે હું ના ન કહી શકયો.

એક મુસ્લીમ વીધવા ડોશી, જેને કોઈનો પણ આધાર નથી, જેની સાથે મારો કોઈક લૌકીક નાતો નથી, એને ત્યાં હું કયા સંબંધોને દાવે જમવા જઈ રહ્યો છું તે મારી સમજમાં ઉતરતું નહોતું. એના ઘેર પહોંચ્યો ત્યાં સુધી મનમાં હીચકીચાટ પણ હતો.

જમવા બેઠો. ઘઉંની જાડી, મોટી રોટલી, બટાટાનું શાક, મોટું છાલીયું ભરીને કેરીનો રસ, મગની દાળ અને રોટલી પર ચોખ્ખા ઘીની રેલમછેલ. ખતુડોશી મારી સામે બેઠી. હાથમાં પંખો લીધો છે. હવા નાંખે છે. પીરસે છે. હું જમું છું. મારી સામે ટગરટગર જોઈ રહે છે. આગ્રહ કરે છે. એના વૃદ્ધ મોંની કરચલીઓમાં વાત્સલ્યના સંતોષની સરવાણીઓ વહી રહી હોય એવું લાગે છે. રસોઈમાં વસ્તુના સ્વાદ કરતાંય મને સ્નેહનો સ્વાદ વધુ લાગ્યો. એ સ્વાદે મારા અહંકારોને ઓગાળવા માંડયા. આ ડોશી સામે મારો પ્રભાવ તુટી ગયાનો મને આનંદ થતો હતો. અત્યારે પણ એ સ્વાદ અને એ આનંદની લીજ્જત હું અનુભવી શકું છું.

જમ્યા પછી ખતુડોશીના ચહેરા પર મેં જે તૃપ્તી જોઈ છે, તે હું કયારેય નહીં ભુલું. મેં મદદરૂપે બે રૂપીયા(આજના વીસ રૂપીયા)આપવા માંડયા ત્યારે એણે જે કહેલું તે આજેય બરાબર યાદ છે. 'દીકરાને ખવરાવીને કોઈ મા પૈસા લેતી હશે ! ભીયા, મા ધાવણની કીમત ન લે !'

પૈસા દેવા લાંબો થયેલો મારો હાથ ભોંઠો તો ન પડયો, એ લાંબા હાથમાં એક વૃદ્ધ માતાની દુઆઓ છલકાઈને ભરાઈ ગઈ હતી ને મને એ વખતે થયું : ખતુડોશીમાં મને મારી મા મળી ગઈ છે !

( '**દીવા તળે ઓછાયા**' માંથી સાભાર...)


--સ્વ. દીલીપ રાણપુરા

સંપર્ક (માટે સ્વ.ના દીકરાનું સરનામું ): **શ્રી. સુશેષ રાણપુરા**, ૧-સહકાર કોલોની, સેક્ટર-૨૫, **ગાંધીનગર**-૩૮૨ ૦૨૩

મો.ફોન : ૯૮૨૫૯ ૮૭૨૩૩

'સન્ડે ઈ-મહેફીલ' –– વર્ષ : ત્રીજું –– અંક : 139 –– February 3, 2008

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ વીજેશ શુક્લ-vijvan302@gmail.com



સ્વ. દીલીપ રાણપુરા
જન્મ: ૧૪ નવેમ્બર ૧૯૩૧ અવસાન: ૧૭ જુલાઈ ૨૦૦૩

## સર્જક પરીચય

સને ૧૯૩૨માં ધંધુકામાં જન્મેલા સ્વ. દીલીપ નાગજીભાઈ રાણપુરાએ આજીવન પ્રાથમીક શાળાના શીક્ષક અને આચાર્ય તરીકે કામ કર્યું. અતી સંવેદનશીલ હૃદયે એમને લખવા પ્રેર્યા. તેઓ મુખ્યત્વે વાર્તાકાર અને નવલકથાકાર તરીકે જાણીતા છે. **'આ કાંઠે તરસ'**, **'સુકી ધરતી, સુકા હોઠ'**, **'મીરાંની રહી મહેક'**, **'આંસુભીનો ઉજાસ'**, **'મને પુછશો નહીં'**, **'ઉંડા ચીલા'** વગેરે નવલકથાઓ અને **'રાતોરાત'**, **'સરનામું'** વગેરે એમના વાર્તાસંગ્રહો છે. **'આ ભવની ઓળખ'**, **'દીવા તળે ઓછાયા'**, **'ભીતર ભીતર'** અને **'શીક્ષકકથાઓ'** તેમની યાદગાર સ્મરણકથાઓનાં પુસ્તકો છે. **'છવી'**, **'લાગણીનાં ફુલ'**, **'સુગંધ સંબંધોની'**માં એમનાં મઘમઘતાં રેખાચીત્રો છે.

સરળ અને પ્રવાહી ભાષાના સ્વામી દીલીપભાઈ, એમના સંવેદનની વેધકતાનો સ્પર્શ વાચકને બખુબી પહોંચાડે છે. પત્રકારત્વના ક્ષેત્રે પણ એમણે બહુરંગી પ્રદાન કર્યું છે. સને ૨૦૦૩માં તેમનું અવસાન થયું.

--ઉત્તમ ગજ્જર અને બળવંત પટેલ

૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણને **બે વરસ** પુરાં થયાં. આ બે વરસમાં 6,65,500 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaraitleixcon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

***વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે http://www.gujaraitleixcon.com ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.***

આપ સૌના સહયોગ થકી **'સન્ડે ઈ-મહેફીલ'**ના 8,100 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર...અમારી **'સન્ડે ઈ-મહેફીલ'**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaraitleixcon.comi/ndex.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકૉન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ: ત્રીજું -- અંક: 139 -- February 03, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ વીજેશ શુક્લ-vijvan302@gmail.com

◆ *"ઘરમાં મારું જ ચલણ છે!" એવું કહેનારો પુરુષ, બીજાં જુઠાણાં પણ નહીં ચલાવતો હોય, એની શી ખાતરી?* ◆
◆ *મોટી વાત તમારા જીવનમાં વરસો ઉમેરવાની નહીં; પણ તમારા વરસોમાં જીવન ઉમેરવાની છે.* ◆
◆ *કુદરતી મૃત્યુ એટલે એવા પ્રકારનું મરણ કે જેમાં દાક્તરની કશી મદદ ન લેવાઈ હોય.* ◆
◆ *જીંદગીની આ બે સ્થીતી સૌથી વધુ કરુણ છે: માતા વીનાનું ઘર અને ઘર વીનાની માતા.* ◆
(લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગરથી મળેલા પુસ્તક-પાર્સલમાંથી મળેલ ટચુકડી બુકમાર્ક ની પતાકડી પરથી સાભાર..)

## ● મધુરેણ સમાપયેત્ ●




આપનું લોક ગુજરાટી ભાસાની પઠ્ઠર રગડી કાડે છ.
ડીકરો રટન ટાટા બી ખરો! 'નાનો કાર' ટે વલી લખાટું હસે?
'નાની કાર' હોય ટો ઈટ મેઈક્સ સમ સેન્સ!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

◆

*દીવાને અજવાળે*
*એકલા એકલા બેઠા હોઈએ અને*
*સામે એક પુસ્તક ખુલ્લું પડેલું હોય,*
*એ આનંદની તોલે તો બીજું કાંઈ ન આવે.*

◆

*પુસ્તકનો એક માત્ર સાચો ઉપયોગ માણસને જાતે વીચારતો કરવામાં રહેલો છે. જે ચોપડી માણસને વીચારતો ન કરી મુકે તેની કીંમત અભરાઈ પર એણે રોકેલી જગ્યા જેટલી પણ નથી.*

◆

*પુસ્તકો ખરીદતી વળતે સાથોસાથ એ વાંચવાનો સમય પણ વેચાતો મળી શકતો હોય તો કેવું સારું !*
(લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગરથી મળેલા પુસ્તક-પાર્સલમાંથી મળેલ ટચુકડી બુકમાર્ક ની પતાકડી પરથી સાભાર..)

'સન્ડે ઈ-મહેફીલ' –– વર્ષ : ત્રીજું –– અંક : 139 –– February 3, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન: વીજેશ શુક્લ-vijvan302@gmail.com